**દિવા તળે અંધારું - ૫ દિવસમાં ૧૦ બાળકો બાળ સંરક્ષણ ગૃહમાંથી ભાગી ગયા**

# બાળ સંરક્ષણ ગૃહના ૭ બાળકો ગુમ

## શાળાએથી છુટીને ૭ બાળકો બાળ સંરક્ષણ ગૃહ ખાતે પરત ન ફર્યા

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરના સેકટર-૧૭ બાળ સંરક્ષણ ગૃહના એક પછી એક બાળક ભાગી જવાની ઘટના સતત બની રહી છે. બાળ સંભાળ ગૃહના અભ્યાસ માટે ગયેલા બાળકો સાંજે પરત ન ફરતા સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે. અગાઉ પણ સંસ્થામાંથી ૬ બાળકો ભાગી ગયા છે. ત્યારે સંસ્થામાંથી બાળક ગુમ થાય છે તે ગંભીર બાબત છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સેકટર-૧૭ બાળસંભાળ ગૃહના અધિક્ષક મેહુલ તૈરેયા એ નોંધાવેલ ફરીયાદ મુજબ આ સંસ્થા નિયામક સમાજ સુરક્ષા વિભાગ ગાંધીનગર દ્વારા સંચાલિત છે. જેમાં કિશોર ન્યાય (બાળકોની કાળજી અને રક્ષણ) અધિનિયમ-૨૦૧૫ અંતર્ગત સંભાળ અને રક્ષણની જરુરીયાતવાળા ઉં.૬ થી ૧૮સુધીના બાળકો સંસ્થામાં આશ્રય લઈ રહ્યા છે. હાલમાં સંસ્થામાં કુલ-૧૭ બાળકો આશ્રય લઈ રહ્યા હતા. તે પૈકી મોટાભાગના બાળકો ગત તા.૨-૯-૨૧ ના રોજ બાળસંભાળ ગૃહ મુ.સિયાળ તા.બાવળા, જી અમદાવાદ ખાતેથી બાળકલ્યાણ સમિતિ અમદાવાદના આદેશથી કાળજી અને રક્ષણ માટે ગાંધીનગર તબદીલ કરાયા હતા. ગતરોજ તા. ૨૫ ના રોજ સવારના અગીયાર વાગ્યાના અરસામાં સંસ્થાના બાળકો પૈકીના ૩ બાળકો સેકટર-૨૧ પ્રાથમિક શાળા ખાતે સંસ્થાની ભાડેથી બાંધેલી રીક્ષામાં ગયા હતા. જયારે અન્ય પાંચ વિદ્યાર્થીઓ સેકટર-૧૬ ખાતે મહાત્મા ગાંધી વિદ્યા મંદિર ખાતે પરિક્ષા હોવાથી ગયા હતા. જયારે સંસ્થાની રીક્ષા લેવા માટે ગઈ ત્યારે સેકટર-૨૧ માંથી માત્ર એક બાળક પરત ફર્યું હતું.જયારે સેકટર-૧૬ ખાતે થી ૫ પાંચમાંથી એક પણ બાળક પરત ફર્યા ન હતા. જયારે સેકટર-૨૧ ખાતે શાળાની રીશેષ બાદ બાળક ગાયબ થયા હતા. જયારે સેકટર-૧૬માં એક બાળકે તો પરિક્ષા પણ આપી નથી. ત્યારે સંસ્થામાંથી અત્યાર સુધીમાં ૧૨ થી વધુ બાળકો સંસ્થામાંથી ગયા છે. સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ પણ નોંધાઈ છે. પરંતુ આજદિન સુધી પોલીસ તંત્ર એક બાળકને પરત લાવી શક્યું નથી કે ભાળ પણ મેળવી શક્યું નથી.



ગાંધીનગરમાં વરસાદની ઘટ ૨૯ ટકા રહી છે પણ પેયજળની તકલીફ નહિ પડે તેવી તંત્રની માન્યતા છે. ગાંધીનગરમાં નર્મદાનું પાણી આપવામાં આવે છે. આ નર્મદાનું નીર ગાંધીનગરમાં ફરતા વાનરોને પણ એટલુ જ પસંદ છે. જિલ્લા પંચાયત નજીક બાપા સીતારામ પાણીની પરબ પર નળ જાતે ખોલી આજે વાનરોની ટોળીએ પાણીનો સ્વાદ માણ્યો હતો તેની તસ્વીર.

# મનપાના નવનિયુક્ત પદાધિકારીઓએ શાખાધિકારીઓ સાથે બેઠક યોજી

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર મહાનગર પાલિકાના નવનિયુક્ત પદાધિકારીઓએ આજે શાખાધિકારીઓ સાથે બેઠક કરી અને મનપામાં ચાલી રહેલી કામગીરીની વિગતો મેળવી હતી.

મ્યુનિ. કમિશનરશ્રીની ઉપસ્થિતિમાં મળેલ આ બેઠકમાં મેયર હિતેશભાઈ મકવાણા, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ અને સ્થાયી સમિતિના ચેરમેન જશુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. બે કલાક જેટલો સમય ચાલેલી આ બેઠકમાં શાખાધિકારીઓ દ્વારા પાવર પોઈંટ પ્રેઝન્ટેશન દ્વારા ચાલી રહેલી કામગીરીની વિગતો આપવામાં આવી હતી.

**ચાલતી કામગીરી અંગે વિગતો મેળવી : બે કલાક ચાલેલી બેઠકમાં પાણી, ગટર અને રસ્તાના કામો તેમજ ભરતીની પ્રક્રિયા સહિતના મુદ્દા ચર્ચાયા**

આ બેઠકમાં પાણી, રસ્તા તેમજ સ્વચ્છતા સહિતના કામોને અગ્રતા આપવા પર પદાધિકારીઓએ ભાર મુક્યો હતો. કામગીરી ગુણવત્તાસભર થાય તેમજ સમયમર્યાદામાં પૂર્ણ થાય તે વિશે પણ ખાસ આગ્રહ રાખ્યો હતો. લોકાભિમુખ વહીવટ અને પારદર્શક વહીવટ એ તેમની ચૂંટાયેલી પાંખનો સ્પષ્ટ અભિગમ હોવાના સંકેત પણ તેમણે આપ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં વેક્સિનેશન અભિયાનની ગતિ ધીમી પડી

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેર-જિલ્લામાં વેક્સિનેશનની કામગીરી ધીમી પડી છે. શહેર-જિલ્લામાં આજે ૬૪૦૦ થી વધુ વ્યક્તિઓને આવરી લેવામાં આવ્યા છે.

દિપાવલીના પર્વો નજીક આવી રહ્યા છે ત્યારે વેક્સિનેશન અભિયાનની ગતિ ધીમી પડતાં તંત્રની ચિંતા વધી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪૭૬૫ લોકોને આવરી લેવામાં આવ્યા હતા. જેમાં એક હજારથી વધુ વ્યક્તીઓને વેક્સિનનો પ્રથમ ડોઝ જ્યારે ૩૫૯૯ થી વધુ વ્યક્તિઓને વેક્સિનનો બીજો ડોઝ આપવામાં આવ્યો છે. વેક્સિનેશન અંગે હાઉસ ટુ હાઉસના શરૂ કરેલા અભિયાનમાં વિરોધ કરનારાઓને સમજાવી અને રસી આપવામાં સફળતા મળી રહી છે. છેલ્લા ચાર દિવસમાં ૩૫૦૦ થી વધુ વ્યક્તીઓ જે અગાઉ વિરોધ કરતા હતા તેમને સમજાવવામાં તંત્રને સફળતા મળી છે.

# શહેરમાં નવા આવાસોના નિર્માણ માટે ટુંકમાં સ્થળ પસંદગી કરી દેવાશે

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગરમાં સ્થિત જુદી જુદી કક્ષાના આવાસો પૈકી મોટાભાગના જોખમી હાલતમાં છે. સેકટરોમાં એક અંદાજ મુજબ ૪૫૦૦ જેટલા મકાનો જોખમી છે. જયારે જુના અને જર્જરિત મકાનો પણ તબક્કાવાર તોડવામાં આવી રહ્યા છે. ત્યારે સેકટરોમાં સ્થિત વિવિધ કક્ષાના ૨ હજાર જેટલા મકાનો પણ રીનોવેશન હેઠળ આવરી લેવા વિચારણા હાથ ધરવામાં આવી છે. જયારે નવા આવાસોના નિર્માણ સંદર્ભે ટુંકમાં સ્થળ પસંદગી પણ કરી દેવાશે નવા આવાસો માટે જુના સેકટરોમાં ખુલ્લી જગ્યા પસંદ કરવામાં આવે તેવી પણ સંભાવના છે.

ગાંધીનગરમાં હાલ વિવિધ સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો તબક્કાવાર તોડવામાં આવી રહ્યા છે. સાડા ચાર દાયકા જુના મકાનો રહેણાંકને લાયક રહ્યા નથી જયારે જુના અને જર્જરિત આવાસો તોડીને નવા મકાનો બાંધવા માટે પણ જગ્યા

● અનુસંધાન પાન-૭ પર

# ડિસેમ્બર, જાન્યુઆરીમાં ગાત્રો થીજાવતી ઠંડી પડશે

## લઘુત્તમ તાપમાન ૫ ડીગ્રી સુધી જશે : આગામી ૨૭ ઓકટોબર બાદ વાતાવરણમાં ઠંડીનુ જોર વધશે : અંબાલાલ પટેલ

ગાંધીનગર તા ૨૬

વરસાદી ઋતુ બાદ હવે ધીમે ધીમે વાતાવરણમાં ઠંડીનો ચમકારો વર્તાય છે. આજે પણ મહત્તમ તાપમાનમાં ૩ ડીગ્રીનો ઘટાડો જોવા મળ્યો છે. અલબત્ત ઠંડીનો પારો ઉંચકાયો છે. મહીનાના અંતમાં વાતાવરણમાં ઠંડીનુ જોર વધશે. જયારે ડિસેમ્બર અને જાન્યુઆરી મહીનામાં ગાંધીનગર અમદાવાદ સહીત રાજયના અન્ય ભાગોમાં પણ લઘુત્તમ તાપમાન પણ ૫ ડીગ્રી સુધી નીચે ઉતરી જશે. નગરજનો ગાત્રો થીજાવતી ઠંડીનો અહેસાસ કરશે. આ વર્ષે શિયાળાની ઠંડી વધુ આકરી પુરવાર થશે. જયારે ઠંડીની સાથે ક્યારેક માવઠાની અસર પણ જોવા મળશે.

**હાલ પણ વહેલી સવારે અને રાત્રિના ઠંડીનો ચમકારો : લઘુત્તમ તાપમાન 3 ડીગ્રી ગગડયુ**

જાણીતા હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલે જણાંવ્યા મુજબ આ વખતે શિયાળામાં સખત ઠંડી પડવાની શકયતા છે. આગામી તા ૨૭ ઓકટોબર બાદ ઠંડીનુ પ્રમાણ વધશે. ન્યુન્નતમ તાપમાનમાં ઘટાડો થશે. પશ્ચિમી વિક્ષેપની અસરો પર દેશના ઉત્તરીય પર્વતીય ભાગોમાં હાલ દેશના ઉતરીય પર્વતીય પ્રદેશો બરફની સફેદ ચાદર છવાઈ જશે. તેમજ વિશિષ્ટ હવામાનની સ્થિતિના લીધે બંગાળના ઉપસાગર પર ચક્રવાતો ફુકાવાની શકયતા છે. અરબ સાગર પર પણ તેની થોડી અસર જોવા મળે. હાલમાં થતા ચક્રવાતોની અસર દેશના પુર્વીય ભાગો પર થઈ શકે. જયારે નવેમ્બરના મધ્યમાં ઉત્તપન્ન થતા ચક્રવાતો આક્રમક રહેશે. જે દક્ષિણ પુર્વીય તટ પર રહે જેની અસર દેશના હવામાન

● અનુસંધાન પાન-૭ પર


આભાર **અભિનંદન** આવકાર



**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માન. મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય



**શ્રી સી.આર. પાટીલ સાહેબ**
માન. પ્રદેશ પ્રમુખશ્રી ભારતીય જનતા પાર્ટી

સમગ્ર ગુજરાત સેનમા-રાવત સમાજનું ઘરેણું પૂર્વ ધારાસભ્ય - પૂર્વ સંસદીય સચિવશ્રી પુનમભાઈ મકવાણાના સુપુત્ર હિતેશભાઈ મકવાણાની ગુજરાતના પાટનગર એવા ગાંધીનગરના મેયર તરીકે માન. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબ, પ્રદેશ અધ્યક્ષ માન. સી.આર. પાટીલ સાહેબ તથા ભાજપના મોવડી મંડળ દ્વારા પસંદગી કરી ગુજરાતના ઈતિહાસમાં પ્રથમવાર અતિપછાત સમાજમાંથી આવતા અમારા લાડીલા યુવા નેતાની પસંદગી કરી ભારતીય જનતા પાર્ટીએ અમારા સમાજ ઉપર મોટો અહેસાન કર્યો છે. હિતેશભાઈની આ પસંદગીને સમગ્ર સમાજ ફુલડે વધાવે છે. સમગ્ર ગુજરાતના સેનમા - રાવત સમાજની વિવિધ સંસ્થાઓ માન. મુખ્યમંત્રીશ્રી તથા માન. પ્રદેશ પ્રમુખશ્રીને લાખ લાખ અભિનંદન સાથે આભારની લાગણી વ્યક્ત કરે છે. અને જેમ મોરના ઈંડા ચિતરવાના ન હોય તેમ હિતેશભાઈ ગાંધીનગરની પ્રજાની સાથે સાથે સેનવા-રાવત સમાજની પણ સેવા કરવામાં કોઈ કસર નહી છોડે તેવો અમને પુરો વિશ્વાસ છે.

'વધે તમારી નામના એ જ અમારી શુભકામના'

------ આપના આભારી ------

● ગુજરાત સેનવા-રાવત વિકાસ સંઘ
- ● રમેશભાઈ ગુંજેટીયા - મહામંત્રી
- ● ચંદનભાઈ રાણા - ઉપપ્રમુખ
- ● અમૃતભાઈ પરમાર - કાર્યાલય મંત્રી

● રાવત યુવા વિકાસ ટ્રસ્ટ (વિસનગર)
- ● ડો. રાજેશ સી. સેનમા - પ્રમુખ
- ● રામજીભાઈ બી. સેનમા - મહામંત્રી

● ગાંધીનગર રાવત સમાજ વિકાસ મંડળ
- ● વિઠ્ઠલભાઈ સેનમા - પ્રમુખ
- ● નિતીનભાઈ રાવત - મહામંત્રી

● વિજાપુર તાલુકા સેનવા-રાવત વિકાસ સંઘ
- ● મંગળદાસ એમ. સેનમા - પ્રમુખ
- ● નારણભાઈ પહાડીયા - મહામંત્રી

● સંતશ્રી બેચર સ્વામી રાવત નેજા મંડળ, અમદાવાદ
- ● કરશનભાઈ એન. રાવત - પ્રમુખ (ફલુ)
- ● જયેશભાઈ પી. રાવત - મહામંત્રી (આજોલ)

● ગુજરાત રાવત સમાજ વિકાસ અભિયાન
- ● ચંદનભાઈ રાણા - કન્વીનર
- ● નટુભાઈ એલ. પરમાર - સહકન્વીનર

● સંત શિરોમણી બેચર સ્વામી ક્રેડીટ સોસાયટી
- ● બાબુભાઈ ચૌહાણ (બેન્કર) - પ્રમુખ

● રાવત સેના ગુજરાત
- ● પ્રભુભાઈ બી. મકવાણા - પ્રમુખ, લખતર
- ● પ્રહલાદભાઈ સેનમા - મહામંત્રી, સાણંદ

ગુજરાત સેનમા-રાવત સમાજ સમિતિ (ભાલ કાંઠો, નળ કાંઠો)
- ● જયેશભાઈ બી. મકવાણા - પ્રમુખ
- ● બાબુભાઈ જી. સોલંકી - મહામંત્રી

● બનાસકાંઠા જિલ્લા કેળવણી મંડળ
- ● કુબેરભાઈ એલ. મકવાણા - પ્રમુખ
- ● લખમણભાઈ સેનમા - મહામંત્રી

● છાસઠ પરગણા સેનવા-રાવત યુવા સંગઠન
- ● તખતસિંહ પરમાર - પ્રમુખ
- ● રસીકભાઈ સેનમા - મહામંત્રી

● ગુજરાત રાવત ગૃપ (G.R.G.)
- ● ચિરાગ ડી. રાવત - પ્રમુખ
- ● વિશાલ સેનમા - મંત્રી
- ● નિમેષ સુરેશભાઈ સેનમા - ઉપપ્રમુખ

● રાવત સેવા એજ્યુકેશન ગૃપ
- ● સંજયભાઈ રાવત - પ્રાયોજક (વિજાપુર)

● રાવત સમાજ એક્તા ગૃપ (સાબરકાંઠા)
- ● દિનેશભાઈ ચેનવા - પ્રાયોજક
- ● દિપકભાઈ રાવત

● રાવત સંબંધ સેતુ પરિવાર
- ● કનુભાઈ રાવત (બોરૂવાળા) - પ્રાયોજક
- ● તખતસસિંહ પરમાર - વેજલપુર

● અખિલ રાવત યુવા વિકાસ સંઘ
- ● અમૃતભાઈ હમોજા - પ્રમુખ
- ● સંજયભાઈ હીરવાણી - મહામંત્રી

● બેચર સ્વામી ક્રેડીટ સોસાયટી લી.
- ● બળદેવભાઈ એલ. પરમાર - ચેરમેન
- ● બાબુભાઈ ઈશ્વરભાઈ પરમાર - એમ.ડી.

● રાવત એક્તા ગૃપ (અમદાવાદ શહેર)
- ● નિરંજનભાઈ રાવત, એડવોકેટ - પ્રમુખ
- ● વિજયભાઈ જે. મેંણા (MBA) - મહામંત્રી

● રાવત નવસર્જન ટ્રસ્ટ
- ● ચિંતનભાઈ રાવત (બિલીયા) - પ્રમુખ
- ● પ્રવિણભાઈ રાવત (ખંડોસણ) - મહામંત્રી

● ધી મહેસાણા રાવત ક્રેડીટ સોસાયટી
- ● રેવાભાઈ આર. સેનમા - ચેરમેન
- ● કાળીદાસ બી. રાવત - એમ.ડી.



**શ્રી હિતેશભાઈ મકવાણા**
મેયરશ્રી, ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન

● શ્રી ગણપતભાઈ સેનમા - ઉપપ્રમુખ, અમદાવાદ જિલ્લા ભાજપ (અનુ. મોરચો) ●
● શ્રી કેવલભાઈ બી. સેનમા - ચેરમેન, વિજાપુર તાલુકા પંચાયત (સા. ન્યાય સમિતિ) ●
● શ્રી ગિરીશભાઈ સિંઘવા - ચેરમેન, ઠાસરા તાલુકા પંચાયત (સા. ન્યાય સમિતિ) ●
● શ્રી મધુબેન પી. મકવાણા - ચેરમેન, લખતર તાલુકા પંચાયત (સા. ન્યાય સમિતિ) ●


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેકટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com